# બિનપ્રકાશિત ચૂંટણી નામાવલિ વિશે તમારે સંપૂર્ણ માહિતી મેળવવાની આવશ્યકતા છે

## આ મતદાનમંડળ પ્રવેશ પ્રશ્નોના જવાબ અંદર છે

**પરિચય**

બિનપ્રકાશિત નામાવલિ શું છે?

બિનપ્રકાશિત નામાવલિ કોણ જોઇ શકશે?

**બિનપ્રકાશિત નામાવલિમાં પ્રવેશ માટે અરજી કરવી**

બિનપ્રકાશિત નામાવલિ માટે કોણ લાયક છે?

બિનપ્રકાશિત નામાવલિમાં પ્રવેશ માટે મારે કેવી રીતે અરજી કરવી?

મારે કઇ માહિતી આપવાની આવશ્યયકતા છે?

બિનપ્રકાશિત નામાવલિમાં કેટલા સમય સુધી મારો સમાવેશ થશે?

મારી પરિસ્થિતિ બદલાય તો શું?

મારી વ્યક્તિગત માહિતી બદલાય તો શું?

**મતદાન**

મારું નામ પ્રકાશિત નામાવલિમાં ન હોય તો

મારે કેવી રીતે મત આપવો?

**વધુ માહિતી**

મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

અન્ય ભાષામાં મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

## ન્યુ ઝીલેન્ડ સંસદીય ચૂંટણીઓમાં મતદાન માટે તમારે પ્રવેશ લેવો ફરજિયાત છે

### ચૂંટણીઓ

નવી સંસદ અને સરકારની પસંદગી માટે ન્યુ ઝીલેન્ડ ઓછામાં ઓછા દર ત્રણ વર્ષે સામાન્ય ચૂંટણીનું આયોજન કરે છે. સામાન્ય અને માઓરી મતદરમંડળો છે મતદાન કરવા માટે પ્રવેશ પામેલ તમામની એક નામાવલિ, અથવા એક સૂચિ, દરેક મતદાર મંડળ ધરાવે છે. જો તમારી વય 18 અથવા વધુ હોય અને પ્રવેશ માટે લાયક હો તો નિયમાનુસાર તમારો સમાવેશ નામાવલિમાં હોવો જોઇએ. જો તમારી વય 17 વર્ષની હોય તો તમે

હંગામી ધોરણે પ્રવેશ મેળવી શકશો. એક વખત પ્રવેશ મેળવ્યા બાદ તમારી માહિતી તમારે અદ્યતન રાખવી ફરજિયાત છે. મતાધિકારીના રજીસ્ટ્રાર્સ, જેઓ ન્યુ ઝીલેન્ડ પોસ્ટ લી. વતી કાર્ય કરે છે તે નિયમાવલિનું ધ્યાન રાખે છે.

## પરિચય

### બિનપ્રકાશિત નામાવલિ શું છે?

ચીફ રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સે પોતાની પાસે રાખવાની મતદાતાની આવશ્યક અંગત પ્રવેશ માહિતી ખાનગી રાખવાની છે તેમના પ્રકાશન સાથે મતદાતાની અંગત સુરક્ષા જોખમાય છે તે પૂર્ણ કરનાર તમામ મતદાતાઓના પ્રવેશ પત્રકોનો બિનપ્રકાશિત નામાવલિમાં સમાવેશ થાય છે. મતદાતાની પ્રવેશ માહિતીની જાણવણી તેમના રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ દ્વારા સુરક્ષિત રીતે કરવામાં આવે છે અને અન્ય કોઇ સમક્ષ તેને રજુ કરવામાં આવશે નહીં. તે પ્રકાશિત નામાવલિમાં જોવા પ્રદર્શિત થતી નથી.

### બિનપ્રકાશિત નામાવલિ કોણ જોઇ શકશે?

બિનપ્રકાશિત ચૂંટણી નામાવલિ ગુપ્ત હોય છે અને માત્ર રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ દ્વારા જ જોઇ શકાય છે.

### બિનપ્રકાશિત નામાવલિમાં પ્રવેશ માટે અરજી કરવી

### બિનપ્રકાશિત નામાવલિ માટે કોણ લાયક છે?

જો તમે લાયક મતદાતા હોય અને પ્રકાશિત મતદારમંડળ નામાવલિમાં તમારી માહિતીની નોંધણીથી તમારી, અથવા તમારા પરિવારની અંગત સુરક્ષા જોખમાશે એવું માનતા હો, તો માત્ર બિનપ્રકાશિત નામાવલિમાં જ તમારી માહિતીનો સમાવેશ કરવામાં આવે તે માટે તમે વિનંતી કરી શકશો.

### બિનપ્રકાશિત નામાવલિમાં પ્રવેશ માટે મારે કેવી રીતે અરજી કરવી?

આ પુસ્તિકાની પાછળ આપેલ “એપ્લીકેશન ફોર રજીસ્ટ્રેશન એઝ એ પાર્લીયામેન્ટરી ઇલેક્ટર ઓન ધી અનપબ્લીશ્ડ રોલ” (માત્ર ઇંગ્લીશમાં ઉપલબ્ધ) ભરો. જો તમે પહેલાંથી જ મતદાતા તરીકે પ્રવેશ મેળવેલ હોય તો પણ તમારે “એનરોલીંગ ટુ વોટઃ એપ્લીકેશન” નામનું ફોર્મ ભરવાનું રહેશે.

બંને ફોર્મને અહીં પોસ્ટ દ્વારા (કોઇ પોસ્ટ ટીકીટની આવશ્યકતા નથી) મોકલવાના છેઃ

FREEPOST 2 ENROL
Chief Registrar of Electors
P O Box 190, Wellington 6140

### મારે કઇ માહિતી આપવાની આવશ્યકતા છે?

તમારું સંપૂર્ણ નામ, સરનામુ, જન્મ તારીખ, સંપર્ક ટેલીફોન નંબર અને તમારી વ્યક્તિગત પરિસ્થિતિ માટેનો પુરાવો આ મુજબ રજુ કરવાનો રહેશે, જેમ કે:

- ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ 1995 હેઠળ લાગુ હોય તે સુરક્ષા આદેશની નકલ, અથવા
- હેરેસમેન્ટ એક્ટ 1997 હેઠળ લાગુ જાળવણી આદેશની નકલ, અથવા
- કોન્સ્ટેબલ દ્વારા એક વૈધાનિક નિવેદન જેમાં તે અથવા તેણીની માન્યતા મુજબ તમારું નામ અને માહિતી પ્રકાશનમાં મૂકવાથી તમારી વ્યક્તિગત, અથવા તમારા પરીવારની સુરક્ષા જોખમાઇ શકે છે, અથવા
- બેરિસ્ટર અથવા સોલીસિટર, તમને કામ પર રાખનાર, જસ્ટીસ ઓફ ધી પીસ, અથવા સમકક્ષ, તરફથી પત્ર જેમાં તમારી અરજીની તરફેણમાં, તમારું નામ અને માહિતી પ્રકાશનમાં મૂકવાથી તમારી તમારી વ્યક્તિગત, તમારા પરિવારની સુરક્ષા જોખમાઇ શકે છે તેવો આધાર હોય.

### બિનપ્રકાશિત નામાવલિમાં કેટલા સમય સુધી મારો સમાવેશ થશે?

તમારી પરિસ્થિતિ બદલાય નહીં ત્યાં સુધી તમે બિનપ્રકાશિત નામાવલિમાં રહેશો. તમારી પરિસ્થિતિ સમાન છે તેની ખાતરી કરવા માટે સમયે સમયે રજીસ્ટ્રાર ઓફ ઇલેકટર્સ તમારી સાથે પ્રત્રવ્યવહાર કરશે. તમારી પ્રવેશ માહિતી તમારી તપાસવાની અને, જો જરૂરી હોય, તો પ્રવેશ સુધારણા કાર્યક્રમો દરમિયાન સુધારવાની પણ આવશ્યકતા રહેશે.

### મારી પરિસ્થિતિ બદલાય તો શું?

જો તમારી પરિસ્થિતિ બદલાય તો તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને, લેખિતમાં, તમારે જાણ કરવી જોઇએ.

### મારી વ્યક્તિગત માહિતી બદલાય તો શું?

જેમ કે નામ, સરનામું અથવા વ્યવસાય જેવી તમારી કોઇ વ્યક્તિગત પ્રવેશ માહિતીમાં ફેરફાર થાય તો, "એનરોલીંગ ટુ વોટ: એપ્લીકેશન" ફોર્મ ભરી તમારા રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને જાણ કરો. રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સ લેખિતમાં પુષ્ટિ કરશે કે તેમણે ફેરફાર કર્યા છે.

રજીસ્ટ્રાર ઓફ ઇલેક્ટર્સને કોઇ ફેરફાર માટે જાણ કરવાનું તમે જો ભૂલી જાવ, તો નામાવલિમાંથી તમારું નામ દૂર કરવામાં આવશે.

## મતદાન

### મારું નામ પ્રકાશિત નામાવલિમાં ન હોય તો મારે કેવી રીતે મત આપવો?

મતદાનના દિવસે ઉપયોગમાં લેવામાં આવતી પાર્લીયામેન્ટરી પ્રીન્ટેડ મતદારમંડળ નામાવલિમાં તમારું નામ જોવા ન મળે તો, તમારે "સ્પેશ્યલ ડેકલેરશન વોટ" આપવાનો રહેશે. મતદાનના દિવસ પહેલાં અથવા મતદાનના દિવસે કોઇપણ મતદાન મથક પર તમારા મતદારમંડળના રીટર્નીંગ ઓફિસર પાસેથી તે ઉપલબ્ધ થશે.

લોકલ કાઉન્સિલ અથવા ડિસ્ટ્રીક્ટ હેલ્થ બોર્ડ ઇલેકશન્સમાં મતદાન માટે ફાળવેલ "સ્પેશ્યલ ડેકલેરશન વોટ" સાથે લોકલ ઇલેક્ટોરલ ઓફિસરને તમારી અરજી આપવાની રહેશે.

## વધુ માહિતી

### મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

મતદાન માટે પ્રવેશ માટે વધુ માહિતી અહીંથી ઉપલબ્ધ થશેઃ

- અમારી આ વેબસાઇટની મુલાકાતથી – elections.org.nz
- વિના મૂલ્યે 0800 ENROL NOW (0800 36 76 56) પર કોલ કરી.
- પુસ્તિકાનું વાંચન કરી
  - મતદાન માટે પ્રવેશ માટે તમારે સંપૂર્ણ જાણકારીની આવશ્યકતા છે*
  - તમે 18 ના થાવ તે પહેલાં મતદાન માટે પ્રવેશ મેળવવો*
  - ન્યુ ઝીલેન્ડ માઓરી તરીકે મતદાન માટે પ્રવેશ મેળવવો* (માત્ર ઇંગ્લીશ અને માઓરીમાં જ ઉપલબ્ધ)

*પોસ્ટશોપ્સ અથવા રજીસ્ટ્રાર્સ ઓફ ઇલેક્ટર્સ ઓફિસ પરથી ઉપલબ્ધ.

અમે આશા રાખીએ છીએ કે બિનપ્રકાશિત નામાવલિ વિશેના તમારા તમામ પ્રશ્નોના જવાબ મળ્યા હશે.

આ પુસ્તિકાના વાંચન માટે તમારો આભાર.

## અન્ય ભાષામાં મારે વધુ માહિતી કેવી રીતે મેળવવી?

અમારી વેબસાઇટ પર આ પુસ્તિકા અસંખ્ય ભાષા પર ઉપલબ્ધ છે.

Electoral Enrolment Centre
New Zealand Post Limited
P O Box 190
Wellington 6140

ફોનઃ 0800 ENROL NOW
(0800 36 76 56)

ફેક્સઃ (04) 801 0709

ઇમેઇલઃ enrol@elections.org.nz

વેબસાઇટ: elections.org.nz